# શ્રવણ અને કથન – Listening & Speaking

બાળકોની ઉંમર પ્રમાણે, શ્રવણ અને કથન કૌશલ્યને **(listening & Speaking skill)** ખીલવવા, બાળકો સમજી શકે તેવા સરળ પ્રશ્નો પૂછી, વિવિધ પ્રવૃત્તિઓ કરાવી બોલતાં કરવાં, જેમ કે

- બાળગીતો અને અભિનય ગીતો
- વાતચીત, ચર્ચા, ચિત્રવર્ણન જેવી પ્રવૃત્તિઓ
- વિવિધ રમતો
- બાળવાર્તાઓ

# શ્રવણ અને કથન – Listening & Speaking

## વર્ગની સામાન્ય સૂચનાઓ

શિક્ષક ગુજરાતીમાં સરળ ભાષામાં સાદી સૂચનાઓ આપે તે બાળકો શાંતીથી સાંભળે અને તે સમજી તેનો અમલ કરે, જેમ કે

| | | | |
|---|---|---|---|
| ખુરસી ઉપર બેસો | ઊભા થાઓ | અહીં આવો | ફરી બોલો |
| હાથ ઊંચા કરો | હાથ નીચા કરો | બોર્ડ ઉપર લખો | ચોપડી વાંચો |
| ચોપડી મેજ ઉપર મૂકો | મને ચોપડી આપો | અંદર આવો | બહાર જાઓ |
| તાળી પાડો | માથું હલાવો | કાન પકડો | ઠેકડા મારો |
| આંખો બંધ કરો | આંખો ખોલો | હાથ હલાવો | ચપટી વગાડો |

વગેરે ......

# શ્રવણ અને કથન – Listening & Speaking

‘મેં એક બિલાડી પાળી છે’ – આ ગીતમાં કયું વ્યાકરણ આવરી લેવાયું છે તે જોઈએ.

| | |
|---|---|
| નામ(સંજ્ઞા) - **Noun** | બિલાડી, ઉંદર, કૂતરો, વાઘ, રંગ, ડિલ, ડાઘ |
| સર્વનામ - **Pronoun** | મેં, તે, એ |
| વિષેશણ - **Adjective** | રૂપાળી (જાતિ સાથે મેળ - **agreement with gender)** |
| ક્રિયાપદ - **Verb** | પાળી છે, ચાલે છે, ભાળે છે, ખાય,<br>ચાટી જાય, ઝાલે |
| ક્રિયાવિષેશણ - **Adverb** | હળવે હળવે, ચપચપ |
| સંયોજક - **Connective** | ને, પણ |
| વિભક્તિ પ્રત્યય - **Case suffix** | મેં, ઉંદરને, એના, મારા, ઘરનો, અંધારામાં, કૂતરાથી |

# શ્રવણ અને કથન – Listening & Speaking

બાળકોની શ્રવણ શકિતની ચકાસણી માટે સાદા સરળ સવાલ જવાબ પૂછવા, જેમ કે

| | |
|---|---|
| બિલાડી કેવી છે? | – રૂપાળી |
| બિલાડી કેમ ચાલે છે? | – હળવે હળવે |
| બિલાડી ક્યારે જોઈ શકે છે? | – અંધારામાં |
| બિલાડીને શું શું ભાવે છે? | – દહીં, દૂધ, ઘી |
| બિલાડી ઘી કેવી રીતે ચાટી જાય? | – ચપચપ |
| બિલાડી કોને ઝટપટ ઝાલે / પકડે? | – ઉંદરને |
| બિલાડી કોનાથી બીએ? | – કૂતરાથી |
| બિલાડી શરીર ઉપર શું હોય છે? | – ડાઘ |

# શ્રવણ અને કથન – Listening & Speaking

આ જ રીતે બાળકોના અંગોનો પરિચય કરાવતું ગીત

નાની મારી આંખ

જુદી જુદી ક્રિયાઓ આવરી લેતું ગીત

અમે ફેર ફૂદરડી ફરતાં'તાં

ફેર ફૂદરડી ફરતાં ફરતાં પડી જવાની કેવી મજા

જુદાં જુદાં વિષેશણો આવરી લેતાં ગીત

નાનું નાનું સસલું, નાનું નાનું સસલું

ધોળું ધોળું સસલું, પોચું પોચું સસલું

વગેરે વ્યાકરણ આવરી લેતાં વિષયલક્ષી બાળગીતો અને જોડકણાં ૬-૮ વર્ષનાં બાળાકોને શીખવી શકાય.

# શ્રવણ અને કથન – Listening & Speaking

બાળકોને નિશાળ સંબંધિત ચિત્રો કે વસ્તુ બતાવી સરળ નીચે દર્શાવેલ વ્યાકરણ આવરી લેતા સરળ સવાલો પૂછવા.

## વ્યાકરણ

**દર્શક સર્વનામ – Demonstrative Pronouns**

આ, તે, પેલો, પેલા, પેલી, પેલું, પેલાં વગેરે

**સંબંધક સર્વનામ (છઠ્ઠી વિભક્તિ) – Possessive Pronoun/Case**

મારો, મારા, મારી, મારું, મારાં, તમારો, તમારા, તમારી, વગેરે







**વિષેશણ (વિકારી) – Adjectives (variable)**

કાળો, કાળા, કાળી, ધોળો, ધોળી, પીળો, પીળી વગેરે

**Agreement with Gender & Number of the Nouns**

# શ્રવણ અને કથન – Listening & Speaking

## વાતચીત - નિશાળ

| | | | | |
|---|---|---|---|---|
|  દરવાજો (door) |  બારી (window) |  મેજ (table) |  ખુરસી (table) |  ચોપડી (book) |
|  કાગળ (paper) |  પેન (pen) |  પેન્સિલ (pencil) |   રબર (eraser) |  ફૂટપટ્ટી (ruler) |
|  સંચો (sharpner) |  કાતર (scissors) |  ચિત્ર (picture) |  ધોળું પાટિયું (white board) |  નકશો (map) |

# વાતચીત - નિશાળ

પરિચિત વિષયલક્ષી શબ્દો - વર્ગમાં જોઈ શકાય તેવી વસ્તુઓનાં નામ, નિશાળ સંબંધિત શબ્દો, દા.ત.

નિશાળ, બારી, બારણું, મેજ, ખુરસી, કાગળ, ચોપડી, રબર, પેન્સિલ, પેન, ફૂટપટ્ટી, ચોપડી, જુદા જુદા રંગો, વગેરે

ચિત્રો, વર્ગમાં ઉપલબ્ધ વસ્તુઓ અથવા શિક્ષકે પોતે વર્ગમાં વપરાતી વસ્તુઓ લાવી, તે બતાવી બાળકોની ઉંમર પ્રમાણે, સરળ વ્યાકરણ આવરી લેતા કેટલાક સરળ સવાલો પૂછવા.

# શ્રવણ અને કથન – Listening & Speaking

સવાના જવાબ (૬-૭ વર્ષનાં) બાળકોએ એક શબદ કે ટૂંકમાં અને ૭-૮ વર્ષનાં બાળકોએ પૂરાં વાક્યોમાં કેવી રીતે આપવા તે સમજાવવું, જેમ કે

**શિક્ષકે પોતાની ચોપડી બતાવી પૂછવું**

| | |
|---|---|
| આ શું છે? | (ચોપડી) તે ચોપડી છે. |
| આ કોની ચોપડી છે? | (તમારી) તે તમારી ચોપડી છે. |

**શિક્ષકે વિદ્યાર્થીનું રબર બતાવી પૂછવું**

| | |
|---|---|
| આ શું છે? | (રબર) આ રબર છે. |
| આ કોનું રબર છે? | (મારુ) આ મારું રબર છે. |
| તે કેવું છે? | (ધોળું/સફેદ) તે ધોળું/સફેદ છે. |

# શ્રવણ અને કથન – Listening & Speaking

## નામયોગી – Post-positions

### ઉપર, નીચે, આગળ, પાછળ, બાજુમાં વગેરે

૭-૮ વર્ષના બાળકોને જુદી જદી વસ્તુઓ ક્યાં છે? તે વિશે સવાલો પૂછવા, જેના જવાબ બાળકોએ પૂરાં વાક્યોમાં કેવી રીતે આપવા તે સમજાવવું, જેમ કે

શિક્ષકે પોતાની ચોપડી મેજ ઉપર મૂકી પૂછવું

| | |
|---|---|
| આ શું છે? | તે ચોપડી છે. |
| આ કોની ચોપડી છે? | તે તમારી ચોપડી છે. |
| મારી ચોપડી ક્યાં છે? | તમારી ચોપડી મેજ ઉપર છે. |

# શ્રવણ અને કથન – Listening & Speaking

## વર્ગની પરિચિત વસ્તુઓ - ક્યાં છે?

ચોપડીની બાજુમાં પેન મૂકી પૂછવું

| | |
|---|---|
| પેન ક્યાં છે? | પેન ચોપડીની બાજુમાં છે. |
| ચોપડીની બાજુમાં શું છે? | ચોપડીની બાજુમાં પેન છે. |

ચોપડી નીચે કાગળ મૂકી પૂછવું

| | |
|---|---|
| કાગળ ક્યાં છે? | કાગળ ચોપડી નીચે છે. |
| ચોપડી નીચે શું છે? | ચોપડી નીચે કાગળ છે. |

આ જ પ્રમાણે જુદી જુદી વસ્તુઓ જુદી જગ્યાએ મૂકી સવાલો પૂછી શકાય. વસ્તુઓ જુદી જુદી જગ્યાએ મૂકવા બાળકોને પણ કહી શકાય.

# શ્રવણ અને કથન – Listening & Speaking

૭-૮ વર્ષના બાળકોને વિષયલક્ષી જુદા જુદા સવાલો પણ પૂછવા, જેના જવાબ બાળકોએ પૂરાં વાક્યોમાં કેવી રીતે આપવા તે સમજાવવું, જેમ કે

- તમારી નિશાળનું નામ શું છે?
- તમારી નિશાળ ક્યાં આવેલી છે?
- તમે નિશાળે કેવી રીતે જાઓ છો?
- તમને નિશાળમાં શું કરવું ગમે છે?
- તમે નિશાળે કઈ રમત રમો છો?
- તમારા શિક્ષકનું નામ શું છે? વગેરે

# શ્રવણ અને કથન – Listening & Speaking

## રમતો

રમતો દ્વારા બાળકોને જુદી જુદી તાલીમ આપી શકાય છે.

- શિક્ષકની સૂચના સાંભળવાની અને સમજવાની
- શ્રવણ શક્તિ વિકસાવવાની
- સક્રિયપણે વર્ગમાં ભાગ લેવાની
- એકબીજાને સાંભળવાની
- એકબીજા સાથે કામ કરવાની
- વારંવાર બોલવાથી શબ્દોનું દૃઢિકરણ કરવાની **(consolidation)**

# શ્રવણ અને કથન – Listening & Speaking

## રમત - બજારમાંથી ખરીદી

પહેલું બાળક વાક્ય બોલી શરૂઆત કરે અને મેં ચોપડી લીધી

હું બજારમાં ગયો / ગઈ હતો / હતી.

બીજું બાળક તે વાક્ય ફરી બોલે અને એક વસ્તુ ઉમેરે

હું બજારમાં ગયો / ગઈ હતો / હતી. મેં ચોપડી અને ફૂટપટ્ટ લીધી.

ત્રીજું બાળક તે વાક્ય ફરી બોલે અને એક વધારે ચીજ ઉમેરે

હું બજારમાં ગયો / ગઈ હતો / હતી. મેં ચોપડી અને ફૂટપટ્ટી અને રબર લીધાં.

ચોથું બાળક તે વાક્ય ફરી બોલે અને એક વધારે ચીજ ઉમેરે

હું બજારમાં ગયો / ગઈ હતો / હતી. મેં ચોપડી અને ફૂટપટ્ટી, રબર લીધાં.

# શ્રવણ અને કથન – Listening & Speaking

## રમત ૨

- આ રમતમાં શિક્ષક એક બાળકના કાનમાં કંઈ કહે અને આ બાળક તેની બાજુમાં બેઠેલાં બાળકને શિક્ષકે જે કહ્યું તે તેના કાનમાં કહે.
- આમ બધાં બાળકોનો વારો આવી જાય ત્યારે છેલ્લું બાળક તેણે જે સાંભળ્યું હોય તે મોટેથી બોલે.
- જે શરૂઆતમાં કહ્યું હોય તે શિક્ષક બોર્ડ ઉપર લખે.
- છેલ્લાં બાળક સુધી પહોંચતાં શબ્દોમાં ફેરફાર થયા હશે, પણ તેની ચિંતા ન કરવી. મૂળ આશય બાળકોને બોલાવવાનો અને બને તેટલું યાદ રાખતાં કરવાનો છે.